વિરપ્પનના સાગરિતોની ફાંસી સામે સુપ્રીમનો સ્ટે

૨૧ પોલીસોની ક્રૂર હત્યામાં અપરાધી આ શખ્સોની દયાની અરજી રાષ્ટ્રપતિ ફગાવી ચુક્યા છે

નવી દિલ્હી,તા. ૧૮

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે ચંદનચોર વિરપ્પનના ચાર સાગરિતોની ફાંસી ઉપર વધુ આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી સ્ટે મૂકી દીધો છે. ફાંસી ઉપર સ્ટે મુકવામાં આવ્યા બાદ તર્કવિતર્કોનો દોર શરૂ થયો છે. કર્ણાટકમાં એક લેન્ડમાઈન બ્લાસ્ટ કરી ૨૨ પોલીસ જવાનોને મોતને ઘાટ ઉતારી દેવા બદલ ૨૦૦૪માં આ લોકોને મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી. આ મામલાની સુનાવણી બુધવાર સુધી મોકુફ કરી દેવામાં આવી છે. દરમિયાનમાં ચાર અપરાધીઓની મૃત્યુદંડની સજાને અમલી બનાવવા પર મનાઈ હુકમ રહ્યો છે. ચીફ જસ્ટિસ અલ્તામસ કબીર અને જસ્ટિસ એઆર દવે તેમજ વિક્રમજીત સેનની બનેલી બેંચે કહ્યુ હતુ કે આવતીકાલ બાદ રીટ પિટિશન ઉપર સુનાવણી કરવામાં આવશે. ચાર અપરાધીઓ તરફથી આ અરજી અડવોકેટ સમિક નારેન દ્વારા દાખલ કરવામાં આવી છે. નારેને એટર્ની જનરલ જીઈ વહાણવટી દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓમાં સુનાવણી કરી છે. ટૂંકી સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યુ હતુ કે જો કોઈ મુદ્દાઓ છે અને ધ્યાનમાં

આવ્યા છે તો તે ઉપર સુનાવણી હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સમગ્ર મામલામાં હવે ૨૦ ફેબ્રુઆરીના દિવસે સુનાવણી થશે. દયા અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ ચારેય શખ્સોએ સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. વિરપ્પનના ચાર સાગરિતોની દયાની અરજી રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ફગાવી ચુક્યા છે. વિરપ્પનના ચાર સાથીઓમાં જ્ઞાનપ્રકાશ, સિમોન, મીસેકર મદૈયા અને બીલાવેન્દરમ બેલગામના હિન્ડાલ્ગા જેલમાં ૩૦ વર્ષથી છે. નવમી એપ્રિલ ૧૯૯૩ના દિવસે કર્ણાટકના પલાર વિસ્તારમાં સુરંગ બ્લાસ્ટ કરીને ૨૧ પોલીસ જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. વર્ષ ૨૦૦૧માં મૈસુરની ટાડા કોર્ટે આ ચારેય શખ્સોને આજીવન કારાવાસની સજા ફટકારી હતી પરંતુ ટાડા કોર્ટના આ આદેશની સામે સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. ૨૯મી જાન્યુઆરી ૨૦૦૪ના દિવસે સુપ્રીમ કોર્ટે ચારેય અપરાધીઓની સજા આજીવન કારાવાસથી વધારીને મૃત્યુદંડમાં ફેરવી કાઢી હતી. ૧૨ ફેબ્રુઆરી ૨૦૦૪ના દિવસે આ ચારેય શખ્સોએ માફી આપવા રાષ્ટ્રપતિ સમક્ષ રજુઆત કરી હતી. નવ વર્ષના ગાળા બાદ ૧૨મી ફેબ્રુઆરીના દિવસે રાષ્ટ્રપતિએ તેમની દયાની અરજીને ફગાવી દીધી હતી. આ ટોળકીનો લીડર અને કુખ્યાત ચંદનચોર વિરપ્પન ઓક્ટોબર ૨૦૦૪માં તમિળનાડુ પોલીસ સાથેની અથડામણમાં ઠાર થયો હતો. મામલામાં સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે કહ્યુ હતુ કે બેંચ સમક્ષ બે વિકલ્પ રહેલા છે જે પૈકી એક વિકલ્પ આ મામલામાં સુનાવણી ચલાવવામાં આવે તે છે જ્યારે અન્ય વિકલ્પ આ મામલાને અન્ય બેંચને રિફર કરી દેવામાં આવે તે છે.

ઉત્તર પ્રદેશ સરકારે ભારે હોબાળા બાદ આદેશ કર્યો

અલ્હાબાદ સ્ટેશન ભાગદોડના બનાવમાં જ્યુડીશીયલ તપાસ

લખનૌ, તા. ૧૮

અલ્હાબાદ રેલવે સ્ટેશન ૧૧મી ફેબ્રુઆરીના દિવસે બનેલા ભાગદોડના બનાવમાં ઉત્તર પ્રદેશ સરકારે આખરે જ્યુડીશીયલ તપાસનો આદેશ આપી દીધો છે. આ બનાવમાં ૩૭ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. રાજ્ય વિધાનસભાના હાલમાં ચાલી રહેલા બજેટ સત્ર દરમિયાન વધુ ધાંધલ ધમાલ થઈ શકે છે તેવી દહેશત બાદ જ્યુડીશીયલ તપાસનો આદેશ આપી દેવામાં આવ્યો છે. રાજ્યના પ્રવક્તાએ કહ્યું છે કે મુખ્યમંત્રી અખિલેશ યાદવે તપાસ કરવા માટે અલ્હાબાદ હાઈકોર્ટના નિવૃત્ત જજ જસ્ટિસ ઓકારેશ્વર ભટ્ટની નિમણૂંક કરવામાં આવી છે. તેઓ બે મહિનાની અંદર રાજ્ય સરકારને પોતાનો અહેવાલ સુપરત કરે તેવી શક્યતા છે. મોની અમાસના દિવસે રેલવે સ્ટેશન ઉપર ભાગદોડનો બનાવ બની ગયો હતો. આ મામલામાં તપાસ હાઈકોર્ટના નિવૃત્ત જજને સોંપી દેવામાં આવી છે. આગામી બે મહિનામાં અહેવાલ મળી જાય તેવી શક્યતા છે તેમ રાજ્યના મુખ્ય સચિવ આર એમ શ્રીવાસ્તવ દ્વારા જણાવવામાં આવ્યું છે. રાજ્ય સરકારે અગાઉ આ બનાવમાં તપાસ કરવા રેવેન્યુ બોર્ડના ચેરમેન જગન મેથ્યુસને આદેશ કર્યો હતો પરંતુ એક સપ્તાહ બાદ આ અધિકારીએ તપાસમાં કોઈ પ્રગતિ કરી ન હતી. ભાજપ, કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી, આરએલડી સહિતના વિરોધ પક્ષોએ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે કુંભ દરમિયાન બનેલા બનાવના સંદર્ભમાં રાજ્ય સરકાર ગંભીર દેખાઈ રહી નથી. વિરોધ પક્ષોએ ગયા સપ્તાહમાં રાજ્ય વિધાનસભાના ઉદ્ઘાટન સત્રમાં સંબોધન કરવા રાજ્યપાલ બીએલ જોષીને મંજૂરી આપી ન હતી.

હેલિકોપ્ટરની સૌદાબાજીમાં કોઈજ બાબત છુપાવાશે નહીં : વડાપ્રધાન

નવી દિલ્હી,તા. ૧૮

વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યુ હતુ કે ઓગસ્ટાવેસ્ટલેન્ડ હેલિકોપ્ટર સૌદાબાજીના મામલામાં કોઈ પણ ચીજ છુપાવવામાં આવશે નહીં. સરકાર ૭૫૦ મિલિયન ડોલરની આ સૌદાબાજીમાં ઝડપથી તપાસ કરી રહી છે. કટકીના આક્ષેપો થયા બાદ સંરક્ષણ મંત્રાલય દ્વારા આ સૌદાને હાલ પુરતો મોકુફ કરી દેવામાં આવ્યો છે. ઈટાલિયનની ફિનેમિકેનિકાની માલિકીની ઓગસ્ટા વેસ્ટલેન્ડે શુક્રવાર સુધી કારણદર્શક નોટિસનો જવાબ આપવા કહ્યુ છે.

સૌદાબાજીના મામલામાં કોઈ પણ કટકીની રકમ ચૂકવવામાં આવી ન હતી તે બાબત અંગે ખુલાસો કરવા માટે ઓગસ્ટા વેસ્ટલેન્ડને કહેવામાં આવ્યુ છે. હેલિકોપ્ટર કંપનીનું કહેવું છે કે તે ભારત દ્વારા કરવામાં આવેલી વિનંતીને ધ્યાનમાં લઈને જરૂરી ખુલાસો કરશે. ઈટાલિયન પોલીસે ગયા સપ્તાહમાં ફિનેમિકેનિકાના વડા ઓરસીની ધરપકડ કરી લીધા બાદ

આ સમગ્ર મામલો પોતાની પ્રથમ પ્રતિક્રિયામાં વડાપ્રધાને કહ્યુ હતુ કે સરકાર સંસદમાં આ મુદ્દે ચર્ચા કરવા ઈચ્છે છે. સંસદનું બજેટ સત્ર બુધવારથી શરૂ થઈ રહ્યુ છે. સંસદ વિરોધપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ મુદ્દાઓ અંગે ચર્ચા કરવા યોગ્ય મંચ સમાન છે. અમે કોઈ પણ મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છીએ. આમાં કોઈ પણ બાબત છુપાવવામાં આવતી નથી. ભ્રષ્ટાચારનો મામલો સપાટી પર આવી ચુક્યો છે. સરકાર પાંચ વર્ષની તેની બીજી અવધિ પણ પૂરી કરવા આવી છે. ૨૦૧૪ની શરૂઆતમાં ચૂંટણી યોજાનાર છે. સંસદસત્ર શરૂ થાય બાદ વિરોધપક્ષ સરકારને ફરી એકવાર ભીંસમાં લેવા તૈયાર છે. સંરક્ષણ મંત્રાલયના અધિકારીએ કહ્યુ છે કે કારણદર્શક નોટિસ મોકલવાનો નિર્ણય સૌબાદાજીને રદ કરવાની દિશામાં પ્રથમ પગલું છે. ઈટાલીની આ કંપનીને ભારતમાં કેટલાક વર્ષ સુધી બ્લેકલિસ્ટેડ કરી શકાય છે. જો સરકાર આ સૌદાબાજીને રદ કરશે તો કંપનીને બ્લેકલિસ્ટમાં મુકી દેવાશે. જો કે આ સૌદાબાજી મોકુફ કરવાથી જંગી સૌદાબાજી મોકુફ થશે. દરમિયાન સીબીઆઈની ટીમ રોમ જવા રવાના થઈ રહી છે. ટીમનો મુખ્ય ઉદ્દેશ્ય ભ્રષ્ટાચારના આક્ષેપોમાં તપાસ કરવાનો છે.

સ્થાનિક વિમાની ઉદ્યોગ ૧૧ ટકાના દરે વધવાની શક્યતા

નવી દિલ્હી,તા. ૧૮

સ્થાનિક વિમાની ઉદ્યોગ ૧૧ ટકાના દરે ઝડપથી વધે તેવા સંકેત મળી રહ્યા છે. કારણ કે સમયની સાથે સાથે ફેરફાર થઈ રહ્યા છે. રેટીંગ એજન્સી ઈકાના અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. સ્થાનિક વિમાની ઉદ્યોગ મધ્યમ અવધી એટલે કે આગામી કેટલાક વર્ષમાં ૧૧ ટકાના વૃદ્ધિ સાથે આગળ વધશે. છેલ્લા પાંચ વર્ષમાં સ્થાનિક વિમાની ઉદ્યોગમાં વાર્ષિક વૃદ્ધિ ૧૦ ટકાથી ઓછી રહી છે. જો કે અહેવાલમાં જણાવાયું છે કે નજીકના ભવિષ્યમાં દબાણની સ્થિતિ રહી શકે છે. આમા જણાવવામાં આવ્યું છે કે ખર્ચ કરવા માટે જરૂરી આવક પર વધારો થશે. સાથે સાથે વિમાની યાત્રા પર ખર્ચ કરવાની ઈચ્છા શક્તિ વધવાથી આ ક્ષેત્રમાં વિકાસ જોવા મળશે. અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે પ્રવાસની ઊંચી રકમ તથા અર્થવ્યવસ્થામાં મંદીના પરિણામ સ્વરૂપે વર્તમાન વર્ષ દરમિયાન વિમાની ક્ષેત્રને માઠી અસર થઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં વિમાની ક્ષેત્રમાં વાર્ષિક વૃદ્ધિદર સરેરાશ ૯.૨ ટકા રહ્યો છે. એજન્સીના જણાવ્યા મુજબ ઘણા વર્ષ સુધી ક્ષમતાના વિસ્તારમાં ઉલ્લેખનીય વધારો થયા પછી ચાલુ નાણાંકીય વર્ષમાં ક્ષમતા વિસ્તારમાં ઘટાડો નોંધાયો છે. આનું મુખ્ય કારણ કિંગફિશર એરલાઈન્સની સેવા બંધ થવાને પણ ગણવામાં આવે છે. ઉપરાંત અન્ય વિમાની કંપનીઓએ જુદા જુદા રૂટને વધુ તર્ક સંગત બનાવ્યા છે. આમા એમ પણ જણાવવામાં આવ્યું છે કે સરકાર તરફથી વિદેશી એરલાઈન્સને સ્થાનિક વિમાની કંપનીઓમાં ૪૯ ટકા સુધી મૂડીરોકાણ કરવાની મંજૂરી આપવાથી આ ક્ષેત્રમાં સુધારા થઈ શકે છે. સ્થાનિક એરલાઈન્સ કંપનીઓએ પોતાના ખર્ચને ઘટાડવા માટે પણ ઘણા પગલાંઓ લીધા છે. આ પ્રયાસોથી આંતરરાષ્ટ્રીય બજારમાં ટકી રહેવા રાહત થશે. ફોરેક્સ બજારમાં પ્રતિકૂળ સ્થિતિ હાલ જોવા મળી રહી છે. આમાથી પણ ખર્ચમાં કાપ મૂકવાથી ઝડપથી બહાર નીકળી શકાશે.

ખાસ સ્કીમ જાહેર કરવા રજુઆત

એક્સાઈઝ ડ્યુટીમાં કાપ મૂકવા ઓટોની માંગણી

નવી દિલ્હી,તા. ૧૮

સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચર (એસઆઈએએમ) દ્વારા રજુઆત કરવામાં આવી છે કે બજેટમાં ઓટો ઉદ્યોગને નવી મજબુતી આપવા એક્સાઈઝ ડ્યુટીમાં કાપ મુકવામાં આવે તે જરૂરી છે. ઓટો ઈન્ડસ્ટ્રીઝના નિરાશાજનક દેખાવને ધ્યાનમાં લઈને હવે સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટો મોબાઈલ મેન્યુફેક્ચર્સ દ્વારા પોતાની બજેટ પૂર્વની રજુઆત રજુ કરવામાં આવી છે. બજેટમાં એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડાના સ્વરૂપમાં દરમિયાનગીરી કરવા કહેવામાં આવ્યુ છે. ઉપરાંત જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય શહેરી મિશન હેઠળ વાણિજ્ય વાહનો માટે ખાસ સ્કીમ જાહેર કરવાની રજુઆત કરી છે જે આ સેક્ટરને પ્રોત્સાહન આપી શકે છે. હાલમાં જે રીતે કારનું વેચાણ થઈ રહ્યુ છે તે જોતા સ્થાનિક કાર વેચાણના આંકડા બાદ ૦.૧ ટકાના ગ્રોથની આગાહી સુધી પહોંચવાની બાબત શક્ય દેખાઈ રહી નથી. એક દશકમાં પ્રથમ વખત સ્થાનિક કાર વેચાણ નકારાત્મક ઝોનમાં છે. જાન્યુઆરી મહિનામાં સ્થાનિક કાર બજારમાં મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ જેના લીધે ઓટો ઉદ્યોગમાં નિરાશા ફેલાયેલી છે.

પેટ્રોલ, ડિઝલની કિંમતમાં વધારાને પરત નહીં ખેંચાય

બેંગ્લોર,તા. ૧૮

પેટ્રોલિયમ પ્રધાન એમ વિરપ્પા મોઈલીએ પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ૧.૫૦ અને ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૪૫ પૈસાના વધારાને પરત ખેંચવાનો સાફ ઈન્કાર કર્યો હતો અને કહ્યુ હતુ કે માત્ર નજીવો વધારો ગ્રાહકો ઉપર ઝીંકવામાં આવ્યો છે. ભાવ વધારાના પરત ખેંચવાની માંગણી સ્વીકારવાનો મોઈલીએ સાફ ઈન્કાર કર્યો હતો. તેમણે ઉમેર્યુ હતુ કે સરકાર ભાવ વધારાને પરત ખેંચવા અંગે કોઈ વિચારણ કરશે નહીં. કરાશે નહીં. તેમણે ઉમેર્યુ હતુ કે ભારત ઓઈલ પૈકી ૭૩-૭૫ ટકા તેલની આયાત કરે છે. અમને આયાત માટે સાત લાખ કરોડ રૂપિયા ચૂકવવાની જરૂર પડે છે જેથી આટલી જંગી રકમ ક્યાથી લવાશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે છેલ્લા ત્રણ અને સાડાત્રણ મહિનાના ગાળામાં પ્રથમ વખત પેટ્રોલની કિંમતમાં વધારો કરાયો છે. જ્યારે એક મહિનામાં ડિઝલની કિંમતમાં બીજી વખત વધારો કરાયો છે. વેટ અથવા સેલ્સટેક્સને ઉમેરવામાં આવે તો ગ્રાહકો પર વધુ બોજ પડશે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૧૬મી ફેબ્રુઆરીથી ૧.૮૦ વધીને ૬૯.૦૬ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ડિઝલની કિંમત ૫૧ પૈસા વધીને ૪૮.૧૬ રૂપિયા સુધી થઈ ગઈ છે. મોઈલીએ કહ્યુ હતુ કે દરેક વ્યક્તિએ આ બાબતની પ્રશંસા કરવી જોઈએ કે અમે ગ્રાહકો પર વધારે બોજ ઝીંકી રહ્યા નથી. નાનકડો બોજ ઝીંકી રહ્યા છીએ. ગયા મહિને ડિઝલની કિંમતમાં નજીવો વધારો કરવામાં આવ્યો હતો.

જાન્યુઆરી મહિનામાં ફુગાવો ૬.૨ ટકાની સપાટીએ રહ્યો છે. પ્રધાને કહ્યુ હતુ કે તેલની આયાત માટે બિલની ચૂકવણી કરવા જંગી રકમ ચૂકવવી પડે છે અને આ રકમ ટેક્સમાં વધારો કરીને અથવા તો લોકો પર વધુ બોજ ઝીંકીને મેળવી શકાય છે. દેશની સૌથી મોટી ફ્યુઅલ રિટેલર કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૧.૫૦ના વધારાની જાહેરાત કરી હતી. સરકારે ઓઈલ કંપનીઓને નાનકડા ડોઝમાં દર મહિને નજીવો વધારો કરવા મંજુરી આપી હતી. ભારતમાં સૌથી વધુ વપરાતા ડિઝલના વેચાણ પર નુકસાન સંપૂર્ણરીતે દૂર કરવામાં ન આવે ત્યાં સુધી દર મહિને નજીવો વધારો કરવા ઓઈલ કંપનીઓને મંજુરી અપાઈ હતી. ઓઈલ કંપનીઓએ ૧૮મી જાન્યુઆરીના દિવસે પણ આવો જ ફેરફાર કર્યો હતો. ૧૬મી ફેબ્રુઆરીના દિવસે વધારો કરતા પહેલા પેટ્રોલની કિંમતમાં ૧૮મી જાન્યુઆરીના દિવસે સુધારો કરવામાં આવ્યો હતો જેમાં કિંમતમાં લીટરદીઠ ૨૫ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. પેટ્રોલની કિંમતમાં છેલ્લે ૨૭મી ઓક્ટોબરના દિવસે વધારો કરવામાં આવ્યો હતો. તે વખતે ૨૯ પૈસા સુધીનો વધારો કરાયો હતો. અગાઉ સરકારે પેટ્રોલપંપ ડિલરોને ચૂકવાતા કમિશનમાં વધારો કર્યો હતો.

નવલિકા (સ્ટેશન માસ્તર શંકરલાલ!!

(પાના નં. ૪ નું ચાલુ)

હસતાં - હસતાં શંકરલાલ માસ્તર સૌને જોઇ રહ્યા. પછી કહ્યું, 'કેમ પરેશ, શાની નકલ ચાલી રહી હતી?'

'કંઇ નહિ બાપુજી,' પરેશે મૂંઝાઇને કહ્યું, આ મનોવિવાદમાં ભાગ લેવાનું શંકરલાલને મન તો હતું, પણ એમના આવવાની સાથે જ બધા ચૂપ થઇ ગયા અને આથી એમનાં મનમાં થોડી ખિન્નતા આવી ગઇ. બેસતાં બેસતાં એ બોલ્યાં. 'લતા, મને 'ચા' આપજે. તારી માની હજૂ પૂંજા ચાલે છે શું?'

લતાએ માની ઓરડી તરફ જોયું, 'હમણાં આવવી જોઇએ, અને એમનાં માટે એ કપમાં 'ચા' ગાળી રહી. વહુ તો ચૂપચાપ પહેલેથી જ જતી રહી હતી. ચાનો ઘૂંટડો ભરતા પિતાને જોઇને પરેશ ઊભો થઇ ગયો. માત્ર લતા પિતાની આમન્યા રાખીને ચોકમાં ભગવાનની ઓરડીમાં બેઠેલી માની રાહ જોઇ રહી. શંકરલાલ માસ્તર 'ચા'નો ઘૂંટડો પીધો અને કહ્યું, 'બેટા! ચા તો મોળી છે.''

'લા વો, વધારે ખાંડ નાંખી આપું.' લતાં કહ્યું.

'રહેવા દે, તારી મા આવશે, ત્યારે પી લઇશ!'

થોડીવારે એમની પત્ની હાથમાં અર્ઘ્યનો લોટો લઇને આવી અને અશુધ્ધ સ્તુતિ બોલીને એણે જળ તુલસીમાં રેડી દીધું. એમને જોતાં જ લતા પણ ઉઠીને ચાલી ગઇ. પત્નીએ આવીને શંકરલાલને જોયા અને બોલી ઊઠી. 'અરે, તમે ક્યારે આવ્યાં? તમે એકલાં બેઠા છો? બધાં ક્યાં ગયા?'

શંકરલાલના મનમાં તો જાણે ફ્રાંસ ભોંકાઇ રહી. બોલ્યા - 'પોત પોતાના કામમાં પડ્યાં છે... છોકરાં છે.'

પત્ની આવીને બેઠકમાં બેસી ગઇ. નાક ચઢાવીને એણે ચારે બાજુ નજર કરી અને કહ્યું, 'ચારે બાજુ એઠાં વાસણ પડેલાં છે. આ ઘરમાં ઘરમ કરમનું તો નામ નથી. પૂજાં કરીને સીધાં ઘૂસો રસોડામાં' પછી. એણે નોકરને બૂમ પાડી. જવાબ ન આવ્યો એટલે એકવાર ઊંચે સાદ બોલાવીને, પછી પતિ તરફ જોઇને કહ્યું, 'વહુએ બજારમાં મોકલ્યો હશે.' અને એક દીર્ઘશ્વાસ લઇને તે ચૂપ થઇ ગઇ.

(ક્રમશઃ)

બિહારમાં બસ ખાડામાં પડતાં ચારના મોત થયા

ગયા,તા. ૧૮

બિહારના ગયા જિલ્લામાં રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર આજે સવારે એક બસ ઊંડા ખાડામાં ખાબકી જતાં ચાર લોકોના મોત થયા છે અને અન્ય ૩૦ લોકો ઘાયલ થયા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે બસના ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યા બાદ આ બસ રેલીંગ તોડીને બાજુમાં આવેલા ખાડામાં પડી હતી. તમામ ઘાયલ થયેલા ૩૦ લોકોને નજીકના અનુગઢ નારાયણ મેડીકલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જે પૈકી ૨૦ લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ બસમાં ૫૦ શ્રદ્ધાળુઓ મુસાફરી કરી રહ્યા હતા.

આ તમામ લોકો વારણસીથી પશ્ચિમ બંગાળના પૂરુલિયા જિલ્લા તરફ જઈ રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો.

નાગાલેન્ડના ગૃહપ્રધાનની અટકાયત કરાતા ચકચાર

કોહીમા,તા. ૧૮

નાગાલેન્ડના ગૃહપ્રધાન ઈમકોગ ઈમચેનની આજે હથિયારો સાથે રાખવા અને એક કરોડની રોકડ રકમ સાથે રાખવા બદલ વોખા જિલ્લા નજીક અટકાયત કરી લેવામાં આવી હતી. શસ્ત્ર અને દારૂગોળાનો જંગી જથ્થો રાખવા બદલ તેમની અટકાયત કરવામાં આવી હતી. વાહનમાં ૧.૧૦ કરોડની રકમ મળી આવી હતી.

ઈમચેન કોહીમાથી મોકોકચોંગ જિલ્લામાં કોરીદંગા મતવિસ્તારમા જઈ રહ્યા હતા. આસામ રાયફલના જવાનોએ વોખા જિલ્લ નજીક વાહનોની ચકાસણી કરતી વેળા તેઓ ઝડપાઈ ગયા હતા. જેમના વાહનમાંથી શસ્ત્રો અને દારૂગોળાનો જંગી જથ્થો, શરાબ, રોકડ રકમ મળી આવી હતી. આસામ રાયફલના જવાનોએ જિલ્લા વહિવટી તંત્ર અને પોલીસને સોંપી દેવામાં આવ્યા હતા. નાગાલેન્ડના ગૃહપ્રધાન ઈમચેન કોરીદંગામાંથી નાગાલેન્ડ પિપલ્સ ફ્રન્ટના ઉમેદવાર છે. તેઓ મોકોકચોંગ જિલ્લાના એનપીએફના ઈન્ચાર્જ પણ છે. એનપીએફ દ્વારા આ જિલ્લામાં ૧૦ ઉમેદવારોને મોદાનમાં ઉતાર્યા છે. ૧૬મી ફેબ્રુઆરીના દિવસે ચૂંટણી પંચની ટીમે નાગાલેન્ડમાં નાગાલેન્ડ પિપલ્સ ફ્રન્ટના એક ઉમેદવાર દ્વારા ઉપયોગ કરવામાં આવેલા હેલિકોપ્ટરમાંથી રોકડ રકમ કબજે કરી હતી. તાજેતરમાં જ ચૂંટણીગ્રસ્ત રાજ્યોમાં બે આવા બનાવ બની ગયા બાદ ચૂંટણી પંચે વધુ સાવધાનીની પ્રક્રિયા હાથ ધરી છે. ચૂંટણીપંચ દ્વારા નિમવામાં આવેલા નિરિક્ષકોની ટીમે હેલિકોપ્ટરમાંથી રોકડ રકમ કબજે કરી હતી. આ હેલિકોપ્ટર પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. નેમલી ફોમ વિધાનસભાની ચૂંટણી લોંગલેંગ જિલ્લાથી ચૂંટણી લડી રહ્યા છે.

અફઝલના મૃતદેહને તેના કુટુંબને ન સોંપવા નિર્ણય

સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરુના મૃતદેહને પરિવારને નહીં સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉચ્ચસ્તરિય સુત્રોએ કહ્યુ છે કે કાશ્મીર ખીણમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. સૂત્રોની વાતમાં વિશ્વાસ કરવામાં આવે તો કેન્દ્ર સરકારે ગુપ્તચર સંસ્થાના રિપોર્ટના આધારે આ નિર્ણય કર્યો છે. જેમાં જણાવાયુ છે કે મૃતદેહ સોંપવાની સ્થિતિમાં કાશ્મીરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી શકે છે. સરકારે આ ગુપ્ત અહેવાલના આધારે નિર્ણય લીધો છે. ફાંસી આપવામાં આવ્યા બાદ તિહાર જેલમાં જ અફઝલ ગુરુની દફનવિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ તેની પત્નિએ મૃતદેહ આપવાની માંગ કરી હતી. અફઝલની પત્નિએ માંગ કરી હતી કે તેને મૃતદેહ સોંપવામાં આવે જેથી તેના વતન રાજ્ય જમ્મુ કાશ્મીરમાં ઈસ્લામિક વિધિ મુજબ દફનવિધિ થઈ શકે.

સમાચાર ઝલક

- ઇજિપ્તમાં રાજકીય વિદ્રોહથી પ્રવાસ ઉદ્યોગને ભારે અસર થઇ છે.
- વિરપ્પન સાથીઓની ફાંસીની સુનાવણી બે દિવસ માટે ટળી.
- ચૂંટણી આચારસંહિતા ભંગ બદલ નાગાલેન્ડના ગૃહમંત્રીની ધરપકડ, ૧ કરોડ રોકડ રકમ મળી આવી.
- પરીક્ષામાં નકલ કરતી અટકાવતાં બિહારમાં વિદ્યાર્થીઓની ધમાલ-ગોળીબાર. ૬૪ વિદ્યાર્થીઓ નકલ કરતાં ઝડપાયા.
- હેલીકોપ્ટર કૌભાંડની સંસદમાં ચર્ચા થશે, સરકાર નરમ.
- રાજકોટ/ વડોદરા અને અમદાવાદ સ્વાઇન ફ્લુની અસરગ્રસ્ત
- કાનપુરમાં કાપડના ગોદામમાં ભીષણ આગ.
- અફઝલ ગુરૂનું શબ તેના કુટુંબીજનોને નહિં સોંપાય.
- પટનામાં વિમાનમાં સગાઇ સમારોહ યોજાયો.
- બગદાદમાં કાર બોમ્બથી ૪૦ વ્યક્તિઓનાં મોત.
- ઓસ્ટ્રેલિયા મહિલા ક્રિકેટ ટીમે વિશ્વકપ જીતી લીધો.
- જીવન વીમાની પેન્શન યોજનામાં બજેટમાં છૂટછાટ અપાશે.
- સૂરતમાં રત્ન કલાકારની પૂછપરછ આયકર અધિકારીએ કરતી વખતે મૃત્યુ થયું.
- અમેરિકામાં ગેરકાયદેસર વસાહતીઓને ગ્રીનકાર્ડ મળશે.
- અમરાઇવાડીમાં મંદિરમા ચોર ટોળકીએ દારૂની મહેફિલ માણી.
- મહારાષ્ટ્રમાં દુષ્કાળના ઓછાયા, પાવર સ્ટેશનોમાં ભારે મુશ્કેલી.
- જામનગરમાં હત્યા કેસમાં પાંચને આ જીવન કેદની સજા.
- ઇરાકમાં બોમ્બ ધડાકાઓથી ૩૭નાં મૃત્યુ.
- મુંબઇની કોકીલાબેન હોસ્પિટલમાં લીવર બદલવાનું ઓપરેશન સૌપ્રથમ થયું